

# 2025ને રમત જગતમાં અંડરડોગ્સના વર્ષ તરીકે યાદ કરાશે

રમત જગતમાં જો 2025 એ કંઈ સાબિત કર્યું હોય તો તે એ છે કે તે દુષ્કાળનો અંત લાવનારું વર્ષ બનીને રહ્યું છે, અલગઅલગ રમતોમાં ઘણી ટીમો માટે વર્ષોથી જોવાતી રાહનો અંત લાવનારું વર્ષ બની રહ્યું છે, તો કેટલાક માટે વ્યક્તિગત સિદ્ધિ લાવનારું વર્ષ પણ બની રહ્યું છે. આ એક એવું વર્ષ રહ્યું છે જેમાં દ્રઢતાએ નિરાશા પર વિજય મેળવ્યો હતો, પછી તે ભલે RCB ની ભાવનાત્મક IPL જીત હોય, PSG નો લાંબા સમયથી રાહ જોવાતો યુરોપિયન તાજ હોય, દક્ષિણ આફ્રિકાના ICC ટ્રોફી ન જીતવાના મ્હેણાંનો ભંગ હોય, કે પછી નીરજ ચોપરાનો રેકોર્ડબ્રેક થ્રો હોય, દરેક ક્ષણ એ સમજાવવા માટે પુરતી છે કે આ આખુ વર્ષ નિરાશાનો અંત લાવીને આશાનો સુર્યોદય લાવનારા અંડરડોગ્સનું વર્ષ બનીને રહ્યું છે.



04 જૂન 2025

## વિરાટ કોહલી-RCBની IPL ટ્રોફીની રાહનો અંત આવ્યો


વિરાટ કોહલી, RCB અને તેના અસંખ્ય ચાહકો જેની છેલ્લા 18 વર્ષોથી જેની રાહ જોતા હતા તે IPL ટ્રોફી તેમણે જીતીને વર્ષોના હ્રદયભંગની ક્ષણોને ભુલાવી



16 મે 2025

## નીરજ ચોપરાએ 90 મીટરનો અવરોધ પાર કરી જ લીધો

ભારતીય એથ્લેટ નીરજ ચોપરાએ ડાયમંડ લીગમાં 90.23 મીટરનો થ્રો કરીને લાંબા સમયથી જોવાતી રાહનો અંત કર્યો



07 ડિસેમ્બર 2025

## લેન્ડો નોરિસે તેની પહેલી ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી

મોટરસ્પોર્ટની દુનિયામાં મેકલેરેનના બ્રિટીશ ડ્રાઇવર લેન્ડો નોરિસે 17 વર્ષના દુષ્કાળનો અંત લાવી પ્રથમ ફોર્મ્યુલા વન વર્લ્ડ ચેમ્પિયનશિપ જીત્યું



11 મે 2025

## હેરી કેનના ખાલી ટ્રોફી કેબિનેટમાં બુન્ડેસલીગા ટ્રોફી આવી

બેયર્ન મ્યુનિકે બુન્ડેસલીગા ટાઇટલ જીતતા વિશ્વના શ્રેષ્ઠ સ્ટ્રાઈકરોમાંના એક હેરી કેનની ટ્રોફી કેબિનેટમાં આખરે ટ્રોફી આવતા તેણે રાહતનો શ્વાસ લીધો.




05 જૂન 2025

## પીએસજીએ આખરે ચેમ્પિયન્સ લીગ જીતી

PSGએ UEFA ચેમ્પિયન્સ લીગ જીતવા માટે ખર્ચેલા અબજો ડોલર આખરે રંગ લાવ્યા અને 32 વર્ષના દુષ્કાળનો અંત આવ્યો




14 જૂન 2025

## 27 વર્ષ પછી દક્ષિણ આફ્રિકાએ ICC ટ્રોફી ન જીતવાનું મ્હેણું ભાંગ્યું

દાયકાઓથી 'ચોકર્સ' તરીકે ઓળખાતી દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમે WTC ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને 1998 પછી પહેલી વાર ICC ટ્રોફી જીતી.



23 સપ્ટેમ્બર 2025

## બેલન ડ'ઓર જીતવા સાથે ઓસ્માન ડેમ્બેલેની જોરદાર વાપસી

ઇજાઓ અને અસંગતતાઓથી પીડાતી કેરિયરને કારણે ઘણી વખત લખી વળાયેલા ઓસ્માન ડેમ્બલેએ બેલન ડ'ઓર જીતીને જોરદાર વાપસી કરી.

## BBL અને WBBL, હોબાર્ટ હરીકેન્સ એક જ વર્ષમાં પહેલીવાર બંનેમાં ચેમ્પિયન

બીગ બોશ લીગમાં સિડની થંડર્સને હરાવીને જ્યારે મહિલા બિગ બેશ લીગમાં પર્થ સ્કોચર્સને હરાવીને હોબાર્ટ હરિકેન્સે આ વર્ષે તેમનું પહેલું BBL અને WBBL એમ બંને ટાઇટલ જીત્યા




28 જાન્યુ. 13 ડિસેમ્બર



## રમત-જગતની મહત્ત્વની ઘટનાઓ



26 નવેમ્બર

### ભારત ઘરઆંગણે ટેસ્ટ સીરિઝમાં ક્લિનસ્વીપ

ન્યૂઝીલેન્ડ સામે ગત વર્ષે ટેસ્ટ સીરિઝમાં ક્લિનસ્વીપ થયેલું ભારત આ વર્ષે દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝ 2-0થી હારતા ક્લિનસ્વીપ થયું. બીજી ટેસ્ટમાં 408 રનની કારમી હાર ટેસ્ટ ઇતિહાસમાં ભારતની સૌથી મોટી હાર રહી




13 ઓગસ્ટ

### વેસ્ટ ઈન્ડિઝ પાકિસ્તાન સામે પહેલીવાર વન ડે સીરિઝ જીત્યું


વેસ્ટ ઈન્ડિઝે પાકિસ્તાન સામે પહેલી મેચ હાર્યા પછી વાપસી કરીને વનડે સીરિઝ 2-1થી જીતી તેમની સામે સીરિઝ ન જીતવાના 34 વર્ષના દુષ્કાળનો અંત કર્યો.



12 જુલાઇ

### T20 વર્લ્ડકપ 2026 માટે ઇટાલી ક્વોલિફાય

ફેબ્રુઆરી-માર્ચમાં ભારત અને શ્રીલંકાની સંયુક્ત યજમાનીમાં રમાનારા T20 વર્લ્ડકપ માટે ઇટાલીએ યુરોપિયન રિજનલમાંથી ક્વોલિફાય થઇને ઐતિહાસિક સીમાચિહ્નરૂપ મેળવ્યું



06 ડિસેમ્બર

### વન ડેમાં વિરાટ કોહલી સૌથી વધુ રન બનાવનાર ભારતીય

વન ડે ઇન્ટરનેશનલમાં વિરાટ કોહલી 13 વન ડેમાં 65.10ની એવરેજથી ત્રણ સદી અને ચાર અડધી સાથે કુલ 651 રન બનાવી ભારતનો સૌથી સફળ બેટ્સમેન રહ્યો.



### ટેનિસમાં અમેરિકન મહિલાઓ ચારેય ગ્રાન્ડસ્લેમ ફાઇનલ રમી

વર્ષની ચાર ગ્રાન્ડસ્લેમની ફાઇનલ અમેરિકન મહિલાએ રમી. જેમા કીઝે ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન કોકો ગફે જીતી, જ્યારે અનિસિમોવાએ વિમ્બલડન અને યુએસ ઓપનની ફાઇનલ રમી.



13 ડિસેમ્બર

## લિયોનલ મેસીનો ભારત પ્રવાસ અંધાધૂંધીથી શરૂ થયો

લિયોનેલ મેસીનો ભારત પ્રવાસ અંધાધૂંધીથી શરૂ થયો અને કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં તેની ટૂંકી મુલાકાત દરમિયાન મોટાભાગે સેલેબ્રિટીઓ જ મેસીને ઘેરી વળ્યા હતા અને તેના કારણે તેની ઝલક જોવામાં પડેલી મુશ્કેલીખી ગુસ્સે ભરાયેલા ચાહકોએ ધમાલ મચાવીને ખુરશીઓ ઉખાડીને મેદાનમાં ફેંકી હતી.

## મેસીએ ભારત પ્રવાસમાં પાંચ શહેરોની મુલાકાત લીધી

આર્જેન્ટીનાનો દિગ્ગજ ફૂટબોલર લિયોનલ મેસી ભારતના પ્રવાસે આવ્યો અને કોલકાતા, હૈદરાબાદ, મુંબઇ તેમજ દિલ્હીમાં તેના કાર્યક્રમો થયા, કોલકાતા કાર્યક્રમ પછી મેસીએ હૈદરાબાદની ટૂંકી મુલાકાત લીધી હતી, તો મુંબઇ મુલાકાત દરમિયાન સચિનને મળ્યો હતો, દિલ્હીમાં તેનો કાર્યક્રમ દરમિયાન કોઇ અફરાતફરી થઇ નહોતી અને તેણે પોતાના પ્રવાસનો અંત જામનગરમાં કર્યો હતો.



13 ડિસેમ્બર

## અનંત અંબાણીએ મેસીને સૌથી મોંઘી રિચાર્ડ મિલે ઘડિયાળ ભેટમાં આપી

લિયોનલ મેસીની ભારત મુલાકાતનો અંત વનતારાની મુલાકાત સાથે થયો હતો આ દરમિયાન ભારતના સૌથી ધનિક અબજોપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીએ મેસીને 1.2 મિલિયન ડોલરની રિચાર્ડ મિલે ઘડિયાળ ભેટમાં આપી હોવાનું કહેવાય છે. વનતારાની મુલાકાત દરમિયાન મેસીએ અંબાણી પરિવાર સાથે માતાજીની આરતીમાં પણ ભાગ લીધો હતો.



16 ડિસેમ્બર